નં.એડીએમ/કોલેજ/પાણી/વશી /૨૨
મામલતદાર કચેરી કપરાડા
કપરાડા તા.૧૭/૦૨/૨૦૨૨

પ્રતિ,
મે.પ્રાયોજના વહીવટદાર સાહેબ,
વલસાડ.

વિષય : ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ સને ૨૦૨૨-૨૦૨૩નાં આયોજન બાબત.

સવિનય સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,આપ સાહેબનાં પત્ર નં.પ્રાયો/વલ/અકડ/NGP આયોજન/વશી/૮૧૮૦ થી ૮૨૩૯/૨૨ તા.૨૯/૦૧/૨૦૨૨ તથા પત્ર નં.પ્રાયો/વલ/અકડ/NGP આયોજન/વશી/૮૧૫૪ થી ૮૧૭૯/૨૨ તા.૨૯/૦૧/૨૦૨૨ પત્ર અન્વયે જણાવવાનું કે,અત્રેનાં તાલુકા ઉપર આવેલ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરવી જરૂરી જણાય છે.કારણ કે, કપરાડા તાલુકાનાં આદિવાસી વિસ્તારમાં કપરાડા ખાતે ફક્ત આ એક જ કોલેજ આવેલ છે.જેમાં આદિવાસી બાળકો કોલેજ નો અભ્યાસ કરે છે.કોલેજમાં પીવાનાં પાણીની સ્ટોરેજ ટેંક બનાવી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે.અને કોલેજ કંપાઉન્ડમાં પાણીનો બોર પણ આવેલ છે.પરંતુ તેમા પર્યાપ્ત માત્રામાં પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ નથી.જેથી પાણીની ખૂબ જ ગંભીર સમસ્યા છે.

સદરહુ કોલેજનો સરકારની વિવિધ યોજનાનાં કામો માટે ઉપયોગ કરવામાં આવે છે.તેમજ ચૂંટણી જેવી અતિ મહત્વની અને સમય મર્યાદાની કામગીરી માટે પણ કોલેજ કેમ્પસનો ઉપયોગ કરવામાં આવે છે.ત્યારે પાણીની અગવડતાના કારણે અન્ય સ્થળેથી પાણી મંગાવવાની ફરજ પડે છે.અને જેના કારણે આર્થિક બોજ પડે છે.આવા સંજોગોમાં આપ સાહેબ દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ સને-૨૦૨૨-૨૦૨૩નાં આયોજનમાં અત્રેનાં તાલુકામાં આવેલ સરકારી વિનયન કોલેજ ,કપરાડાને પીવાનાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે અમારી વિનંતી છે.

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 52
તારીખ 18-02-2022

મામલતદાર કપરાડા

નકલ જય ભારત સહ રવાના :- આચાર્યશ્રી,સરકારી વિનયન કોલેજ કપરાડા તરફ જાણ થવા સારૂ.